## અમદાવાદનાં એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૧૧, અમદાવાદમાં,

ફોજદારી કેસ નં.૧૮૫૪/૨૦૨૦

ફરીયાદીઃ સરકારશ્રી

વિરુધ્ધ

આરોપીઃ પ્રવિણભાઈ વિરમભાઈ અંસારી

**–:: ચુકાદો :–**

**(૧)** ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમઃ૨૭૯, ૩૩૭, ૩૩૮, તથા એમ.વી.એકટની કલમઃ૧૭૭, ૧૩૪(બી) ૧૮૪ મુજબનાં ગુનાનું તહોમત મુકેલ છે.

**(૨)** આરોપી આજ રોજ કોર્ટ સમક્ષ હાજર થતાં કોર્ટ રુબરુ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલ પુરી પાડી તેઓની સામેનાં ગુના સબબ પ્લી રેકર્ડ કરવામાં આવતાં આરોપીએ સ્વેચ્છાપૂર્વક સમજી વિચારીને લેખીત કબુલાત પુરસીસ આપી ગુનો કબુલ કરી પોતાનો આ પ્રથમ ગુનો હોઈ, સામાજીક, આર્થિક સ્થિતિ નબળી હોઈ, પરીવારનાં ભરણપોષણનો આધાર હોઈ રહેમ કરવા રજુઆત કરેલ છે.

**(૩)** આરોપી પોતે કબુલાત કરવા માટે બંધાયેલા નથી અને ગુનાની કબુલાત તેમની સાથે ઉપયોગમાં લઈ શકાશે તેવી સમજ કરવા છતાંયે તેઓ સ્વેચ્છાપુર્વક ગુનો કબુલતા હોઈ તેઓની કબુલાત ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનાં સ્ટેટ વિ.નટવર હરચંદ ઠાકોર ૨૦૦૫ જી.એલ.આર. પેજ નં.૭૦૯ નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા આરોપીને હળવી સજા કરી સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતું જળવાય તેમ હોઈ ન્યાયનાં હીત માં નીચે મુજબનો હુકમ કરું છું.

**હુ ક મ**

આ કામનાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમઃ૨૭૯, ૩૩૭, ૩૩૮, તથા એમ.વી.એકટની કલમઃ૧૭૭, ૧૮૪, ૧૩૪(બી)નાં ગુના માટે તકસીરવાન ઠરાવી આરોપીને ઈ.પી. કોડની કલમઃ૨૭૯ નાં ગુના માટે રૂપિયા. ૫૦૦/– (અંકે રૂા.પાંચસો પુરા) દંડ, દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા તથા ઈ.પી.કોડની કલમઃ૩૩૭ નાં ગુના માટે રૂા. ૨૫૦/–(અંકે રૂા.બસો પચાસ પુરા) દંડ, દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા તથા ઈ.પી.કોડની કલમઃ૩૩૮ નાં ગુના માટે રૂા.૧૦૦૦/–દંડ, દંડ ન ભરે તો દિન–૧૦ની સાદી કેદની સજા તથા ઈ.પી.કોડની કલમઃ૪૨૭નાં ગુના માટે રૂા..........................દંડ, દંડ ન ભરે તો દિન–............ની સાદી કેદની સજા, તથા એમ.વી.એકટની કલમઃ૧૮૧ નાં ગુના માટે રૂા....................દંડ, દંડ ન ભરે તો દિન–............સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. આરોપીને એમ.વી.એકટની કલમઃ૧૭૭, ૧૮૪ નાં ગુના માટે અલગ દંડ કરવામાં આવતો નથી. કુલ રૂા.૧૭૫૦/– દંડ ભરવો.

મુદામાલ વાહન જો જમા લીધેલ હોય તો સદર વાહનની ઓળખ કરી પરત કરવું.

હુકમ આજ તા–૧૧/૧૨/૨૦૨૧નાં રોજ સ્પેશયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(બરકતખાન એચ.ઘાસુરા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટનં–૧૧, અમદાવાદ
જજ કોડ જી.જે.૦૦૯૮૩